
**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૬ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૮૪ ટકા

# શહેર જિલ્લામાં વધતા કોરોનાથી ચિંતાના વાદળો


ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર સહિત સમગ્ર રાજયમાં કોરોનાના કેસોમાં ચિંતાજનક ઉછાળો આવ્યો છે. ગાંધીનગર શહેર-જિલ્લામાંથી દરરોજ મળી રહેલા કોરોનાના કેસો વધી રહ્યા છે. જેના કારણે ચિંતાના વાદળો છવાયા છે. કોરોનાના વધતા કેસોના પરિણામે હવે માસ્ક સહિતની સાવચેતીઓ રાખવી જરૂરી બની છે.

કોરોનાએ પુનઃ માથુ ઉંચકયુ છે. છેલ્લા કેટલાય મહિનાઓથી સાવ ઓછા થઈ ગયેલા કોરોનાના કેસો પુનઃ વધી રહ્યા છે. નવા વેરીયન્ટના કારણે કોરોનાના કેસો વધી રહ્યા હોવાનું નિષ્ણાતો માની રહ્યા છે. ખાસ કરીને કમોસમી વરસાદ બાદ શહેર અને જિલ્લામાં કોરોનાના કેસો વધ્યા છે. સરેરાશ ૮ થી ૧૦ જેટલા કેસો દરરોજ નોંધાઈ રહ્યા છે.

જે પ્રમાણે કોરોનાના કેસો વધી રહ્યા છે તેને લઈને વસાહતીઓમાં અને તંત્રમાં ચિંતાના વાદળો છવાયા છે. છેલ્લા કેટલાક દિવસોથી તબક્કાવાર કેસો વધી રહ્યા છે. કોરોનાના કેસો વધતા પુનઃ વસાહતીઓએ માસ્ક પહેરવા સહિતના પગલાં લેવાનું શરૂ કરી દીધુ છે.

ખાસ કરીને હોસ્પિટલ સ્ટાફ અને દર્દીઓ દ્વારા માસ્ક અને સેનેટાઈઝરનો ઉપયોગ વધ્યો છે. વધતા કેસોના પગલે આરોગ્યતંત્રએ ટેસ્ટીંગ અને ટ્રેકીંગની કામગીરી સઘન બનાવી છે. લોકોને સાવધાની રાખવા અપીલ કરવામાં આવી રહી છે.



ભારતમાતા અને ભારતીય સંસ્કૃતિ વિશ્વમાં માત્ર એક જ સંસ્કૃતિ છે જ્યાં સ્વયં ભગવાનને પણ જન્મ લેવાની ઈચ્છા થાય છે. દરેક ભારતીયના હૃદયમાં વસેલ પૂર્ણ પુરુષોત્તમ પ્રભુશ્રી રામચંદ્રજીનો પ્રાગટ્ય દિવસ એટલે કે રામનવમી. આ દિવસે સાંજે ૬.૦૦ કલાકે વિવેકાનંદ પરિવાર ગાંધીનગર ખાતે રામનવમીની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

## કડી સર્વ વિશ્વવિદ્યાલયમાં મોબાઈલ વગર પાંચ દિવસીય યુવા શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૩૧

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા યુવાનોના સર્વાંગી વિકાસ હેતુથી પાંચ દિવસીય ૭૧ મી શિબિર યોજાઈ જેમાં સર્વ વિદ્યાલયની ૧૯ કોલેજોમાંથી ૭૩ વિદ્યાર્થીઓ ઉત્સાહ ભેર જોડાયા હતા. સમગ્ર શિબિર મોબાઈલથી દૂર રહી સવારે ૫:૩૦ વાગ્યાથી રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી વિવિધ પ્રવૃતિઓ સાથે પાંચ દિવસ માટે યોજાઈ હતી.



સ્વ નેતૃત્વથી લઈ સર્વેનું નેતૃત્વ કરી શકે, સમાજ વ્યવસ્થાના પ્રશ્નોનું નિરાકરણ માટેની ચર્ચા, ટીમ વર્ક, લાઈફ સ્કીલ અને સારી આદતો, સારા વિચારો સાથે આજના યુવાનો જવાબદાર નાગરિક બની આગળ વધે તે હેતુથી કરાયો હતો. કાર્યક્રમના સમાપન સત્રમાં ફિઝિકલ એજ્યુકેશનના ડાયરેક્ટર ડો.રણછોડભાઈ રથવી જોડાયા હતા.

જેમણે આજના યુવાનોને શારીરિક અને માનસિક વિકાસ કઈ રીતે કરી શકાય તેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સમગ્ર શિબિર સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ એમ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી.

## સેક્ટર-૧૩ ખાતે આદત બદલો દેશ બચાવો અંતર્ગત માર્શલ રેલી યોજાઈ




ગાંધીનગર, તા.૩૧

સ્વચ્છતા અભિયાન માર્શલ રેલી મહાનગર પાલિકા દ્વારા સેક્ટર ૧૩ ખાતે યોજાઈ હતી. આ માર્શલ રેલીમાં આદત બદલો દેશ બચાવો, સ્વચ્છતા જાળવો કચરો કચરા પેટીમાં નાંખો અંતર્ગત બેનરો સાથે મહાનગર ગાંધીનગર દ્વારા યોજાઈ હતી. આ માર્શલ રેલીમાં મહાનગર ગાંધીનગરના રાહુલભાઈ રામી મેનેજર, વિકાસ ગોંડલિયા મૅનેજર, વિપુલસિંહ ડાભી ઝોનલ ઓફિસર સેનેટરી શાખા, હેતલબેન દસાડીયા સમાજ સંગઠક, નિતાબેન પટેલ સમાજ સંગઠક દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

આ કાર્યક્રમમાં ડૉ ગુલાબચંદ પટેલ સામાજિક કાર્યકર સાહિત્યકાર, કાંતિભાઈ પટેલ, સેક્ટર ૧૪ વિશિષ્ટ મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા. ધર્મિષ્ઠાબેન ચૌહાણ, જયંતભાઈ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા અને સૂત્રો બોલાવ્યા હતા. કોર્પોરેટર પ્રેમલતાબેન, ભાવનાબા અને ગૌરાંગ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. નિલેશ મેહરિયા, સાધુ મહેશભાઈ, ભરતભાઈ અને વિનોદ ઉદેચા દ્વારા રેલીને માર્ગ દર્શન આપ્યું હતું આ રેલીમાં ખૂબ મોટી સંખ્યામાં ભાઈ બહેનો જોડાયા હતા અને રેલીના ઉદ્દેશ્યને સફળ બનાવ્યો હતો. મેનેજર રામી ભાઈ દ્વારા સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે જી-૨૦ અંતર્ગત મેરેથોનનું આયોજન




ગાંધીનગર, તા.૩૧

પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં જી-૨૦ અંતર્ગત એન્વાયરમેન્ટ અને કલાઈમેટ ચેન્જ અન્વયે મેરેથોન અને હાફ મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિન્સીપાલ ડો.એમ.એમ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ કુલ ૧૦૭ વિદ્યાર્થીનીઓએ સે-૭ના ઘ-માર્ગ ઉપર યોજાયેલી આ મેરેથોનમાં ભાગ લીધો હતો જેમાં પ્રથમ ક્રમે ઠાકોર પ્રિયંકા ભીખાજી તથા બીજા ક્રમે મકવાણા છાયા અને ત્રીજા ક્રમે પનારા શિતલ રહયા હતા જેમને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. આ કાર્યક્રમનું સંચાલન એનએસએસ પ્રોગ્રામ ઓફીસર ડો.સજજનબેન ચૌધરી અને સ્પોર્ટસ ડાયરેકટર વિનોદભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર કોલેજ સ્ટાફ જોડાયો હતો.

## સરગાસણ અને સે-૨૫ ખાતે આજે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૩૧

કળિયુગના ચિરંજીવી દેવ હનુમાનજી મહારાજની સાધના આરાધના અને ઉપાસના કરતો ભવ્ય સુંદરકાંડ પાઠનું આયોજન તા. ૧-૪-૨૦૨૩ શનિવારના દિવસે સમય બપોરે ૩ થી ૬ કલાકે ૬૦૧-એ, સ્વસ્તિક/૪૨ એપાર્ટમેન્ટ, પ્રમુખ લોટસ એપાર્ટમેન્ટની સામે સરગાસણ, ગાંધીનગર ખાતે સુંદરકાંડ પાઠ હરેશ પનારા પરિવારના આયોજનથી યોજાશે અને રાત્રે ૮.૩૦ કલાકે સુંદરકાંડ પાઠનું આયોજન પ્લોટ નંબર ૧૫૮/૨ સૂર્યનારાયણ સોસાયટી સેક્ટર-૨૫ ગાંધીનગર ખાતે પ્રજાપતિ પરિવારના આયોજનથી યોજાશે. સમગ્ર પાઠના વક્તા ગોસ્વામી સંજયભારતી બાપુ છે, પાઠનો લાભ લેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યુ છે.

## સરસ્વતી વિદ્યાલયના વિદ્યાર્થીઓએ સાયન્સ સીટીની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૩૧

સેક્ટર-૬ માં સરસ્વતી વિદ્યાલયમાં સાયન્સ સીટીની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી અને સાયન્સ સીટી તેમજ નિસર્ગ સાયન્સ સેન્ટરના ઉપક્રમે વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં રસ લેતા થાય તથા વૈજ્ઞાનિક અભિગમ ખીલે તે હેતુથી વિદ્યાર્થીઓએ સાયન્સ સીટીની મુલાકાત લીધી હતી. સાયન્સ સીટી મનોરંજન અને અનુભવના જ્ઞાનના ઉપયોગ સાથે સામાન્ય નાગરિકના મનમાં વિજ્ઞાન અંગેની જિજ્ઞાસા ઉભી થાય એ હેતુથી ૧૦૭ હેક્ટર વિસ્તારમાં પથરાયેલી સાયન્સ સીટીમાં કાલ્પનિક પ્રદર્શનો સહેલાઈથી સમજી શકાય એવા છે.




વિદ્યાર્થીઓને અવકાશ અંગેનુ થ્રીડી ચલચિત્ર, એક્વેરિયમ, રોબેટિક્સ, નેચર પાર્ક, રાઈડ્સ દ્વારા અંતરિક્ષની સફર તેમજ પૃથ્વી અંગેની માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત હોલ ઓફ સ્પેસ, હોલ ઓફ સાયન્સ, પ્લેનેટર, ઉર્જા ઉદ્યાન, સ્ટીમ્યુલેશન રાઈડ, એમ્ફી થીયેટર બતાવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ હર્ષોલ્લાસ સાથે ગમ્મત સાથે જ્ઞાન મેળવ્યુ હતુ.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.સોલંકી પલક પ્રવિણસિંહ** ઉ.વ.૧૬, દોલતાબાદ, તલોદ
- **સ્વ.સોલંકી મહેન્દ્રસિંહ ફુલસિંહ** ઉ.વ.૨૦, દોલતાબાદ, તલોદ
- **સ્વ.નાઈ ચંદુલાલ અંબાલાલ** ઉ.વ.૬૮, ગાંધીનગર
- **સ્વ.સોલંકી દિનેશ પુંજાજી** ઉ.વ.૫૯, આલમપુર
- **સ્વ.સનંસે કમલાબેન ભાગવતભાઈ** ઉ.વ.૭૩, ગાંધીનગર
- **સ્વ.રાઠોડ કમળાબેન કાન્તીભાઈ** ઉ.વ.૮૦, શિહોલીમોટી
- **સ્વ.મકવાણા મુકેશકુમાર પશાભાઈ** ઉ.વ.૪૩, મોટી આદરજ

# એપ્રિલમાં બેંકો લગભગ ૧૫ દિવસ બંધ રહેશે

## શનિ-રવિની રજાઓ સાથે વિવિધ તહેવારોના કારણે બેંકો લગભગ ૧૫ દિવસ બંધ રહેશે

ગાંધીનગર, તા. ૩૧

નવુ નાણાંકીય વર્ષ શરૂ થવા જઈ રહ્યુ છે. નવા નાણાંકીય વર્ષના પ્રારંભે જ બેંકોમાં લગભગ ૧૫ દિવસની રજા રહેશે. જુદા જુદા રાજ્યોમાં તેમના સ્થાનિક તહેવારો અનુસાર રજાઓ જાહેર કરવામાં આવી છે.


એપ્રિલ મહિનામાં ભારતમાં નવુ નાણાંકીય વર્ષ શરૂ થાય છે. નાણાંકીય દૃષ્ટિકોણથી એપ્રિલ મહિનો ખૂબ જ અગત્યનો ગણવામાં આવે છે. ઘણી નાણાંકીય પેઢીઓ અને કંપનીઓ આ મહિને બેંકીંગ સંબંધિત કામકાજ વધુ કરે છે. જો કે આટલો મહત્વપૂર્ણ મહિનો હોવા છતાં આ મહિનામાં મહત્તમ રજાઓ આવે છે. રિઝર્વ બેંક દ્વારા જાહેર કરવામાં આવેલી યાદી અનુસાર એપ્રિલ મહિનામાં લગભગ ૧૫ દિવસ બેંકો બંધ રહેશે. જો કે જે તે રાજ્યના સ્થાનિક તહેવારો અનુસાર જે તે રાજ્યની બેંકો માટે રજાઓ જાહેર કરવામાં આવી છે.




રિઝર્વ બેંકની યાદી અનુસાર એપ્રિલ મહિનામાં અનેક તહેવારો આવશે જેના કારણે બેંકોમાં રજા રહેશે. મહાવીર જયંતિ, ગુડ ફ્રાઈડે અને આંબેડકર જયંતિ જેવા મોટા તહેવારો આ મહિનામાં આવશે. વળી તેમાં શનિ-રવિની રજાઓ ઉમેરો તો રજાઓનું લીસ્ટ લાંબુ થઈ જશે. ૧લી એપ્રિલે બેંક ક્લોઝીંગ હશે જેના કારણે બેંક ગ્રાહકો માટે બંધ રહેશે.

તે પછી ૨જી એપ્રિલ રવિવારની રજા આવશે. ૪ એપ્રિલ મહાવીર જયંતિ અને ૭ એપ્રિલે ગુડ ફ્રાઈડેની રજા રહેશે. ત્યારપછી ૧૪ એપ્રિલે આંબેડકર જયંતિ અને ૨૨ એપ્રિલે ઈદની રજાના કારણે મોટાભાગની બેંકો બંધ રહેશે. આ ઉપરાંત બીજા અને ચોથા શનિવારની રજા અને રવિવારની રજાઓ આવતી હોઈ તે મુજબ ગ્રાહકોએ બેંકના કામ પૂર્ણ કરવાના રહેશે.

## જન્મદિને વધામણી



**મયંક દવે**
અધ્યક્ષ, સુરમધુર
કારોબારી સભ્ય, કલ્ચરલ ફોરમ
મો. ૯૪૨૬૦ ૨૨૭૨૬



**ડો. શંકરસિંહ રાણા**
ચેરમેન, મધુર ડેરી, ગાંધીનગર



**મુળજીભાઈ પરમાર 'દધિ'**
મો. ૯૮૨૪૨ ૩૬૮૯૩



**બેલાબેન સંદિપભાઈ વ્યાસ**
મો. ૯૪૦૮૭ ૬૦૭૫૯



**ધ્રુવકુમાર સીતારામભાઈ પટેલ**
મો. ૯૮૯૮૦ ૯૫૨૦૦



**ડોલ્સી દીપક પટેલ**



**તુષાર જગદીશચંદ્ર દવે**
મો. ૮૫૧૧૮ ૮૮૭૧૨



**કુણાલ**



**માહી ઠાકોર**